# કુમુદચન્દ્રાચાર્ય પ્રણીત " ચિકુર દ્વાત્રિંશિકા "

મધુસૂદન ઢાંકી
જિતેન્દ્ર શાહ

નિર્ગ્રન્થ-દર્શનના કર્ણાટક-સ્થિત દિગમ્બર સમ્પ્રદાયના, મધ્યકાળે થઈ ગયેલા, આચાર્ય કુમુદચન્દ્રની એક કૃતિથી ઉત્તરની પરમ્પરામાં પ્રભવેલ શ્વેતામ્બર સમ્પ્રદાય પ્રાય: ૮૫૦ વર્ષોથી સુપરિચિત છે : એ છે જિન પાર્શ્વને ઉદ્દેશીને રચાયેલું સુપ્રસિદ્ધ **કલ્યાણમંદિરસ્તોત્ર**. ઉપર્યુક્ત બન્ને પ્રધાન નિર્ગ્રન્થ સમ્પ્રદાયો અને તેના ઉપામ્નાયોમાં સમાન રૂપે પ્રતિષ્ઠિત આ સ્તોત્રનું સ્થાન માનતુંગાચાર્યના જગત્પ્ખ્યાત **ભક્તામરસ્તોત્ર** પછી તરતનું છે; પરન્તુ તેનાં કૃતિત્વ એવં કાળ સંબંધમાં બન્ને સમ્પ્રદાયોમાં ભિન્ન મત પ્રવર્તે છે. રાજગચ્છીય પ્રભાચન્દ્રાચાર્યના **પ્રભાવકચરિત** (ઈ૦ સ૦ ૧૨૭૮)ના કથનના આધારે શ્વેતામ્બર એને સિદ્ધસેન દિવાકરની રચના માને છે[1], અને એ કારણસર ત્યાં તે ગુપ્તકાલીન હોવાની ધારણા આપોઆપ બની જાય છે[2]. સ્તોત્રના અન્તિમ પદ્યમાં કર્ત્તાએ શ્લિષ્ટરૂપે કુમુદચંદ્ર નામ સૂચિત કર્યું છે એ વાતને લક્ષમાં રાખી પ્રભાચન્દ્રે કલ્પી લીધેલું કે સિદ્ધસેનાચાર્યનું દીક્ષા સમયે અપાયેલ અભિધાન કુમુદચન્દ્ર હતું[3]. શ્વેતામ્બર વિદ્વાનોમાં સ્વ૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા[4] તેમ જ (સ્વ૦) મુનિવર ન્યાયવિજયાદિ પ્રાય: સમસ્ત મુનિગણને પ્રભાચન્દ્ર-કથિત માન્યતા અભિમત છે[5] . કિન્તુ દિગમ્બર વિદ્વાનો (અને સમસ્ત દિગમ્બર સમાજ) કર્ત્તાને સ્વસંપ્રદાય અંતર્ગત મધ્યયુગમાં થઈ ગયેલા કુમુદચન્દ્રની કૃતિ માને છે[6] . એ જ રીતે શ્વેતામ્બર વિદ્વાનોમાં (સ્વ૦) પં૦ સુખલાલજી તથા (સ્વ૦) પં૦ બેચરદાસ દોશી[7], (સ્વ૦) શ્રેષ્ઠિવર અગરચંદ નહાટા[8] એવં જૈનેતર વિદ્વાનોમાં પિનાકિન ત્રિવેદી[9] તેને સિદ્ધસેન દિવાકરની કૃતિ માનતા નથી. અમારો પણ એવો જ અભિપ્રાય છે, જે નીચેનાં કારણો એવં પ્રમાણો પર આધારિત છે :

૧. શ્વેતામ્બર સમ્પ્રદાયમાં કુમુદચન્દ્ર અભિધાન ધરાવતા કોઈ જ આચાર્ય વા મુનિ થઈ ગયા હોય તેવું અભિલેખો, ગ્રન્થ-પ્રશસ્તિઓ, કે પછી પટ્ટાવલીઓ-ગુર્વાવલીઓમાં પણ ક્યાંયે સૂચિત નથી : પ્રસ્તુત નામ ત્યાં બિલકુલેય, પરોક્ષ રીતે પણ, જ્ઞાત નથી[10]. બીજી બાજુ દિગમ્બર સમ્પ્રદાયમાં કર્ણાટકના મધ્યકાલીન શિલાલેખોમાં કુમુદચન્દ્ર નામ ધરાવતા પ્રાય: પાંચેક આચાર્યો યા મુનિઓ વિષે ઉલ્લેખો પ્રાપ્ત છે[11], ત્યાં પ્રસ્તુત અભિધાન આમ ઠીક પ્રમાણમાં પ્રચલિત હતું.

૨. સ્તોત્રની શૈલી સિદ્ધસેન દિવાકરની સ્તુતિઓથી તદ્દન ભિન્ન પ્રકારની છે. સંરચનાની દૃષ્ટિએ, અને ક્યાંક ક્યાંક ભાવ-વિભાવાદિના અનુલક્ષમાં, એ વિશેષ વિકસિત પણ છે; તેમજ તેમાં અન્યથા અનેક મધ્યકાલીન લક્ષણો સ્પષ્ટ રૂપે વરતાય છે. વિશેષમાં શબ્દોની પસંદગી અને લગાવ[12], એ જ રીતે ઉપમાઓ, અલંકારાદિના ત્યાં પ્રયોગમાં લેવાયેલ અનેકવિધ પ્રકારો[13] પણ પ્રસ્તુત કૃતિ મધ્યકાલીન હોવાના તર્ક પ્રતિ દોરી જાય છે.

૩. એ અમુકાંશે **ભક્તામરસ્તોત્ર** (પ્રાય :ઈસ્વી ૫૭૫-૬૨૫)ની અનુકૃતિ જેવું, અને એ જ પ્રમાણે વસન્તતિલકા છન્દમાં નિબદ્ધ છે; પદ્યોની સંખ્યા પણ પ્રકૃત સ્તોત્રની જેટલી—૪૪—જ છે; પણ તેનાં કાવ્યકલા-કક્ષા, સંગ્રથન, અને છન્દોલય સરસ[14] હોવાં છતાં **ભક્તામરની** તુલનામાં તો નીચલા દરજ્જાનાં હોવાનું વરતાય છે[15]. તે **ભક્તામર** પછી પાંચસોએક વર્ષ બાદ રચાયું હોય તેવું તેની પ્રકૃતિ અને રચના-પદ્ધતિ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

૪. તેમાં જો કે કેટલાંક પદ્યો સુરમ્ય અને મનોહર જરૂર છે[14], પરન્તુ કેટલાંયે પદ્યોનાં ચરણોનું બંધારણ ક્લિષ્ટ, અસુષ્ઠુ, આયાસી ભાસે છે; એ તત્ત્વો કાવ્યના પ્રવાહમાં રુકાવટ ઊભી કરે છે[15].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. ત્યાં પ્રયોજિત કોઈ કોઈ શબ્દો અને શબ્દસમૂહો અન્ય શ્વેતામ્બર સ્તુતિ-સ્તોત્રાદિમાં નથી મળતાં, જ્યારે દિગમ્બર કૃતિઓમાં તે જોવા મળે છે[૧૬].

૬. કાપડિયા એને શ્વેતામ્બર કૃતિ માનતા હોવા છતાં તેના ૨૫મા પદ્યમાં વર્ણિત સુરદુન્દુભિ-પ્રાતિહાર્યનું કલ્પન વા આકલન દિગમ્બર-માન્ય ગ્રન્થ **तिलोयपण्णत्ती (त्रिलोकप्रज्ञप्ति** : પ્રાયઃ ઈસ્વી ૫૫૦) અનુસાર હોવાનું બતાવે છે[૧૭].

૭. પ્રાતિહાર્યના વિષયમાં શ્વેતામ્બર માન્યતાથી જુદા પડતા, પણ દિગમ્બર માન્યતાને પૂર્ણતયા અનુકૂળ, એવા અન્ય પણ બે દાખલા સ્તોત્ર અંતર્ગત મોજૂદ છે, ચામર પ્રાતિહાર્ય વિષે જોઈએ તો શ્વેતામ્બરમાં તો બે યક્ષો (વા બીજી માન્યતા અનુસાર બે ઇન્દ્રો) દ્વારા ગૃહીત ચામર-યુગલનો જ ભાવ પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે વ્યક્ત થયેલો છે; પરન્તુ દિગમ્બર સમ્પ્રદાયમાં તો સહસ્રો ચામર[૧૮], "ચામરાવલી", તથા "૬૪ ચામરો"[૧૯] નો વિભાવ રહ્યો છે. **કલ્યાણમંદિરસ્તોત્ર**માં ચામર પ્રાતિહાર્યની વર્ણનામાં "ચામરૌઘ" સરખા સમૂહવાચક શબ્દસમાસનો પ્રયોગ છે[૨૦], જે વાત નોંધનીય બની રહે છે[૨૧].

હવે દિવ્યધ્વનિ-પ્રાતિહાર્ય વિષે જોઈએ. શ્વેતામ્બર પરમ્પરાની માન્યતા અનુસાર સમવસરણ-સ્થિત જિનેન્દ્ર नमो तित्थस्स કહી અર્ધમાગધી ભાષામાં દેશના આપે છે, જે શ્રોતાઓની પોતપોતાની ભાષામાં સ્વતઃ પરિવર્તિત થાય છે : જ્યારે દિગમ્બર પરિપાટીમાં તો તીર્થંકરના હૃદયસમુદ્રમાંથી—મુખમાંથી પ્રકટતા ભાષા-પુદ્ગલોને લઈને નહીં— દિવ્યધ્વનિ ઊઠે છે, જે શ્રવણકર્ત્તા સૌ નિજીનિજી ભાષામાં સમજી લે છે. **કલ્યાણમંદિરસ્તોત્ર**માં પ્રસ્તુત પ્રકારનું આકલ્પન સ્પષ્ટ રૂપે પરિલક્ષિત છે: યથા :

**स्थाने गभीरहृदयोदधिसम्भवायाः**
**पीयूषतां तव गिरः समुदीरयन्ति**
**पीत्वा यतः परमसम्मदसङ्गभाजो**
**भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम्**

**- कल्याणमन्दिरस्तोत्रम् २१**

૮. કુમુદચન્દ્રકૃત એક અન્ય કૃતિ, યુગાદિ ઋષભદેવને સમર્પક સ્તુતિ, તેમાં આરંભે આવતા 'ચિકૂર' શબ્દથી **ચિકૂર-દ્વાત્રિંશિકા** અભિધાનથી જ્ઞાત છે, જે અહીં સંપાદિત કરવામાં આવી રહી છે. તેમાં પણ **કલ્યાણમંદિરસ્તોત્ર**ની જેમ છેલ્લા પદ્યમાં કર્ત્તાનું શ્લેષપૂર્વક કુમુદચન્દ્ર નામ જોવા મળે છે, અને આ સ્તુતિથી શ્વેતામ્બર સમાજ તદ્દન અજાણ છે, પણ તે દક્ષિણ તરફ અલ્પાંશે પણ જાણમાં છે. તેમાં દ્વિતીય પદ્યમાં આવતો 'હેવાક'[૨૨] શબ્દ, જે મૂળે અરબી ભાષાનો છે, તેના તરફ ડૉ૦ પિનાકિન દવેએ ધ્યાન દોર્યું છે[૨૩]. કુમુદચન્દ્ર મધ્યકાળમાં થઈ ગયા હોવાના તથ્યને આથી વિશેષ પુષ્ટિ મળે છે.

કુમુદચન્દ્ર આમ દિગમ્બર સમ્પ્રદાયમાં થઈ ગયા હોવાની સાથે પ્રાચીનને બદલે મધ્યયુગમાં થઈ ગયા છે. તેઓ કયા શતકમાં થઈ ગયા તે વિષે વિચારતાં એમ જણાય છે કે ઈ૦ સ૦ ૧૧૨૫ માં સોલંકીરાજ જયસિંહદેવ સિદ્ધરાજની અણહિલ્લપાટકની રાજસભામાં, બૃહદ્ગચ્છીય વાદી દેવસૂરિ સાથે વાદ કરનાર દિગમ્બર મુનિ કુમુદચન્દ્ર હોવાનો ઘણો સંભવ છે[૨૪]. પ્રબન્ધો અનુસાર પાટણ જતાં પહેલાં તેઓ કર્ણાવતીમાં કેટલોક કાળ રોકાયેલા. સંભવ છે કે તે સમયે તેમના **કલ્યાણમંદિરસ્તોત્ર**ની પ્રતિલિપિઓ થઈ હશે. સૌ પ્રથમ તો તે ગુજરાત-સ્થિત તત્કાલીન દિગમ્બર સમાજમાં પ્રચારમાં આવ્યું હશે અને તે પછી શ્વેતામ્બર ગ્રન્થભંડારોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની નકલોનો પ્રવેશ થઈ જતાં, એવં સ્તોત્ર ભાવાત્મક અને અન્યથા ઉત્તમ કોટીનું હોઈ, શ્વેતામ્બર સમ્પ્રદાયમાં તેને વિના વિરોધ અપનાવી લેવામાં આવ્યું હોય. કાળાંતરે એના કર્ત્તાના સમ્પ્રદાયનું જ્ઞાન ન રહેવાથી તેને શ્વેતામ્બર કર્ત્તાની કૃતિ માની લેવામાં આવી હોય અને તેમાં પદ્યાન્તમાં આવતા કુમુદચન્દ્ર અભિધાનનો ખુલાસો પ્રભાચન્દ્રાચાર્યે સિદ્ધસેન દિવાકરનું દીક્ષા સમયનું નામ હોવાની કલ્પના કરીને કરી દીધો હોય! (એ વખતે તેમણે વિચાર ન કર્યો કે પ્રસ્તુત સ્તોત્ર દ્વાત્રિંશિકા વર્ગનું નથી[૨૫].) ઉપર ચર્ચિત ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂમાં જોઈએ તો મૂળ સ્તોત્ર ઈસ્વીસનના ૧૨મા શતકના પ્રથમ ચરણમાં રચાયું હોવું ઘટે. પ્રભાચન્દ્ર સ્તોત્રના અસલી રચનાકાળથી લગભગ દોઢસોએક વર્ષ ઉપરાન્તના કાળ બાદ તેની નોંધ લે છે; એટલે અજ્ઞાનવશ તેમણે જે લખી નાખ્યું તેને યથાતથા સત્ય માની શ્વેતામ્બરોમાં આજ દિવસ સુધી આ ભ્રાન્તિ ચાલી આવી છે, જેનાથી વર્તમાને જૂજવા જ વિદ્વાનો પર રહી શક્યા છે.

દેવ-સ્તુતિ કરનારા આ 'ચિકુર' સ્તોત્રમાં દેવ-વિષયક રતિનિર્વેદ સ્થાયિભાવને કારણે શાંતરસ સ્પષ્ટતયા પ્રસ્ફુરિત થયો છે. શિખરિણી છન્દમાં નિબદ્ધ આ સ્તોત્રમાં ભગવાન્ ૠષભદેવના કેશની વિભિન્ન ઉપમાઓ દ્વારા સ્તુતિ કરવામાં આવી છે[૨૬]. કાવ્યના અપેક્ષિત લક્ષણોમાં જોઈએ તો નવીન અર્થયુક્તિ, સંસ્કારિત ભાષા, શ્લેષરહિતતા, સરળતા, સ્ફુટ રસયુક્તિ, અને વિકટાક્ષરબંધવાળી રચના સર્વોત્તમ મનાઈ છે. કિન્તુ એક જ કાવ્યમાં આ તમામ ગુણોની પ્રાપ્તિ દુષ્કર હોય છે. કુમુદચંદ્રાચાર્ય વિરચિત પ્રકૃત સ્તુતિકાવ્યમાં પણ શ્લેષરહિતત્વ અને સારલ્ય સરખા ગુણો અનુપસ્થિત છે, પરંતુ બાકીના સૌ ગુણોને યથાસ્થાને યથાસંયોગમાં પ્રયોજિત કરવામાં આવ્યા છે. કવિએ સ્તુતિમાં જિનના કેશને લક્ષ્ય કરી અનેકવાર શ્લેષાલંકારનો પ્રયોગ કર્યો છે[૨૭], તેમજ દીર્ઘ સમાસબહુલ તથા પર્યાયબહુલ એવં અલંકાર-પ્રધાન તથા ઓછા વપરાતા શબ્દોનો વિનિયોગ કરતું હોવાને કારણે સંરચનામાં સરસતા હોવા છતાંયે સ્વાભાવિક સરળતા વિલુપ્ત થઈ ગઈ છે. આથી કેટલીક પંક્તિઓ ક્લિષ્ટ બની છે, જે સામાન્ય બુદ્ધિવાળાઓને સમજવામાં ક્લેશ કરે તેવું હોવાથી એમના અન્ય વિખ્યાત, **કલ્યાણમંદિરસ્તોત્રની** જેમ આ સ્તોત્ર જનસામાન્યમાં પ્રચલિત બની શક્યું નથી[૨૮].

આખરી પદ્ય અનુસાર સ્તોત્ર "વિમલાચલ-શ્રૃંગાર મુકુટ" એટલે કે શત્રુંજયગિરિના અધિનાયક ભગવાન આદીશ્વર ૠષભદેવને સંબોધીને, એમને લક્ષ્ય કરીને રચવામાં આવ્યું હોઈ, સ્તોત્રનું ઐતિહાસિક મૂલ્ય પણ રહ્યું છે. (જોકે એક દિગમ્બર મુનિ શ્વેતામ્બર તીર્થાધિપતિને ઉદ્દ્‌બોધીને સ્તોત્ર રચે તે ઘટના વિરલ ગણવી જોઈએ.)

પ્રસ્તુત સ્તુતિની ૧૬મા-૧૭મા સૈકામાં લખાયેલી પ્રત શ્રી ભારતીય વિદ્યાભવન, મુંબઈથી પ્રાપ્ત થયેલી. અહીં મુદ્રિત સ્તોત્રનો પાઠ એક માત્ર ઉપલબ્ધ પ્રત પરથી તૈયાર કર્યો હોઈ કેટલીક અશુદ્ધિઓ દૂર થઈ શકી નથી. પ્રતની નકલ માટે તેમ જ સંપાદન કરવાની પરવાનગી આપવા બદલ સંપાદકો સદરહુ સંસ્થાના આભારી છે[૨૯].

---

**ટિપ્પણો :-**

૧. જુઓ **પ્રભાવકચરિત**, સં૦ જિનવિજય, સિંઘી જૈન ગ્રન્થમાળા, ગ્રંથાંક ૧૩, "વૃદ્ધવાદી સૂરિચરિત", અમદાવાદ-કલકત્તા ૧૪૦, પૃ૦ ૫૬. અહીં કહ્યું છે કે, સિદ્ધસેને વાદમાં હારીને વૃદ્ધવાદી પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી તે સમયે તેમનું નામ 'કુમુદચંદ્ર' રાખવામાં આવેલું.

૨. સિદ્ધસેનના સમય સંબંધમાં મતભેદ છે. અમારા મતે તેઓ (હાલ કેટલાક દિગમ્બર વિદ્વાનો અકારણ માને-મનાવે છે તેમ છઠ્ઠા સૈકા ઉત્તરાર્ધના નહીં પણ) પાંચમા શતકના પૂર્વાર્ધમાં થઈ ગયા છે. આ વિષય પર વિસ્તારથી ચર્ચા અમે અમારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रीबृहद्स्तुतिमणिमंजूषाना प्रथम खंडमां करी रह्या छीओ.

३. आ शकयता घणी जोरदार छे.

४. कापडिया लखे छे : "....कल्याणमंदिरना कर्तानी प्रतिभा विचारतां तो ते श्री सिद्धसेन दिवाकरनी कृति तरीके गणवा लायक छे एम कहेवामां वांधो जणातो नथी." जुओ एमनी "प्रस्तावना", भक्तामरकल्याणमंदिरनमिउणस्तोत्रत्रयम्, श्रेष्ठि देवचन्द लालभाई जैन पुस्तकोद्धार ग्रन्थांक ७९, सुरत १९३२, पृ० ३३. ए पुस्तकमां एमणे अनेक स्थळे प्रस्तुत स्तोत्रने सिद्धसेननी ज कृति घटावी छे.

५. मुनिराज दर्शनविजय, "श्री भकतामर स्तोत्र", जैन सत्य प्रकाश, वर्ष ८, अंक १, पृ० २५.

६. आ जगजाहेर हकीकत प्रस्तुत संप्रदायना विद्वानोनां अनेक स्थळोनां लखाणोमां प्रकट थई चूकी होई अहीं तेना सन्दर्भो टांकवा जरूरी मान्या नथी.

७. सन्मतिप्रकरण, द्वितीय आवृत्ति, अमदावाद १९५२, पृ० १०२.

८. जुओ एमनो लेख, "कल्याण मंदिर स्तोत्र के रचयिता", शोधादर्श, २५, नवे० १९९१, पृ० २९.

९. Siddhasena Divakar : A Study, "Summary of the content of his thesis" in '3. Studies etc. by Modern Scholars' in *Siddhasena's Nyāyāvatāra and Other works*, Ed. A.N. Upadhye, Bombay 1971, p. 68.

१०. अपवाद रूपे शत्रुंजय पर मळेला सं० १३८३(ई० स० १३२७)ना लेखमां बुद्धिनिवासना गुरुरूपे 'कुमुदचंद्र'नो उल्लेख थयेलो छे : जुओ "शत्रुंजयगिरिना केटलाक अप्रकट प्रतिमालेखो", सं० मधुसूदन ढांकी अने लक्ष्मण भोजक, *Sambodhi*, Vol. 7, Nos. 1-4, पृ० २१, लेखांक २२. परंतु प्रस्तुत कुमुदचन्द्र तो ईस्वीसनना १३मा शतकना आखरी चरणमां थई गया होई तेओ प्रभावकचरितकारना समकालीन छे. ए काळे 'कुमुदचंद्र' ए सिद्धसेन दिवाकरनुं दीक्षाकाळनुं अभिधान हतुं एवी मान्यता प्रचारमां आवी गयेली; अने एना प्रभाव नीचे ज आवुं अभिधान आ श्वेताम्बर मुनिए धारण कर्युं होवानो संभव रहे छे. गमे तेम पण आ एक ज अने पश्चात्कालीन दाखलो छे.

११. नेसर्गीना ११-१२मीना लेखमां कुमुदचन्द्र भट्टारक देवनो उल्लेख छे. जुओ जैन शिलालेख संग्रह : द्वितीयो भाग, माणिकचन्द्र-दिगम्बर-जैन ग्रंथमाला, पुष्प ४५, सं० पं० विजयमूर्ति, मुंबई १९५२, पृ० ३६४, त्यां लेखांक २४६. तदुपरांत चिडगुरु(प्राय: ईस्वी १२९०)ना लेखमां 'कुमुदचंद्र देव'नो उल्लेख छे. जुओ जैन शिलालेख संग्रह : तृतीयो भाग, सं० पं० विजयमूर्ति, मा०-दि०-जै०-ग्र०, पु० ४६, मुंबई वि० सं० २०१३/ई० स० १९५७, त्यां पृ० २९८, लेखांक ४३२. ते सिवाय ते ज ग्रंथमां ऐहोळेना १२मी-१३मी सदी लेखमां : कुमु(द ? दे)न्दु एवा मुनिनो उल्लेख थयो छे. पृ० २६९, लेखांक ४४४. अने हळेबीडना सन् १२६५ना लेखमां आचार्योनी नामावलीमां कुमुदेन्दु-माधवनन्दि-कुमुदचन्द्र एवो उल्लेख थयेलो छे : जुओ जैन शिलालेख संग्रह (भाग ४), मा०-दि०-जै०-ग्र०, ग्रन्थांक ४८, पृ० २५८-२५९, लेखांक ३४२. ए सिवाय जोईए तो केलगेरेना १३मी सदीना उत्तरार्धना लेखमां पण माघनन्दि-शिष्य कुमुदचंद्रनो उल्लेख छे. (एजन, पृ० २७१-२७२, लेखांक ३७६).

१२. जेम के कल्याणमन्दिरमुदारमवद्यभेदि (१'), आस्तामचिन्त्यमहिमा.... (७'), चौरैरिवाशु यशवः प्रपलायमानैः (७''') (७) द्रास्तास्तदा वत कथं किल कर्मचौरा (१३''), पानीयमप्यमृतमित्यनुचिन्त्यमान (१७''), इत्यादि अनेक दाखलाओ छे.

१३. जुओ तद्विषयक डा० कापडियानी विस्तृत चर्चा "स्तोत्रयुगलनुं तुलनात्मक पर्यालोचन," भ० क० न० स्तो० त्र०, पृ० १९-३१.

१४. जेवा के, पद्य ३९, ४१.

त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य ! ।
भक्त्या नते मयि महेश ! दयां विधाय
दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ॥३९॥
देवेन्द्रवन्द्य ! विदिताखिलवस्तुसार !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संसारतारक ! विभो ! भुवनाधिनाथ ! ।
त्रायस्व देव ! करुणाहृद ! मां पुनीहि
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥४१॥

૧૫. જેમ કે, પદ્ય ૩૩નાં પહેલાં અસુંદર વા ક્લિષ્ટ બે ચરણો,

ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड–
प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः ।

અને ૩૪નું ત્રીજું ચરણ,

भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः

૧૬. જેમ કે પદ્ય ૩૯માં हे शरण्य !, वशिनां वरेण्य !, પદ્ય ૪૦માં शरणं शरण्य ! આવાં કેટલાંયે દૃષ્ટાન્તો છે.

૧૭. "...કલ્યાણમન્દિરસ્તોત્રના ૨૫મા પદ્યમાં સુરદુન્દુભિ દ્વારા જે સૂચન કરાયું છે તે દિ૦ **સર્વનન્દિ** (ઈ૦ સ૦ ૪૫૮) પછી અને દિ૦ **વીરસેન** (ઈ૦ સ૦ ૮૧૬)ની પૂર્વે થઈ ગયેલા દિ૦ **યતિવૃષભે** **તિલોયપણ્ણત્તિ**(મહાધિયાર ૪)ના ૯૨૪મા પદ્યમાં 'સુરદુન્દુભિ' વિષે કર્યું છે." (જુઓ એમનો **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ**, ખંડ ૨ : ધાર્મિક સાહિત્ય, ઉપખંડ ૧ : લલિતસાહિત્ય, પ્ર૦ ૨૭, શ્રી મુક્તિ–કમલ–જૈન–મોહનમાલા : પુષ્પ ૬૪, સૂરત ૧૯૬૮, પૃ૦ ૨૯૬.)
ડા૦ કાપડિયા નિર્દેશિત ગાથા નિમ્નોક્ત છે.

विसयकसायासत्ता हदमोहा पविस जिणपहू सरणं ।
कहिदुं वा भव्वाणं गहिरं सुरदुंदुही सरई ॥
– **तिलोयपण्णत्ती**–४. ९३३.

(સ૦ ચેતનપ્રકાશ પાટની, **तिलोयपण्णत्ती** (દ્વિતીય ખણ્ડ), પ્ર૦ સં૦ કોટા ૧૯૮૬, પૃ૦ ૨૮૩. (ડા૦ કાપડિયાએ અગાઉના સંસ્કરણમાં ગાથાનો ક્રમાંક ૪.૯૨૪ બતાવ્યો હશે.)

૧૮. પુન્નાટસંઘીય જિનસેનના **હરિવંશપુરાણ**(ઈ૦ સ૦ ૭૮૪)માં અષ્ટપ્રાતિહાર્યોમાં ચામર પ્રાતિહાર્યની વાત કરતાં સહસ્રો ચામરોનો ઉલ્લેખ છે. સં૦ પન્નાલાલ જૈન, જ્ઞાનપીઠ મૂર્તિદેવી જૈન ગ્રન્થમાલા, સંસ્કૃત ગ્રન્થાંક ૨૭, દિલ્હી–વારાણસી ૧૯૭૮, ૫–૬ / ૧૧૭, પૃ૦ ૬૪૪–૬૪૫.

૧૯. પઞ્ચસ્તૂપાત્વયી વીરસેન–શિષ્ય જિનસેનના **આદિપુરાણ**(પ્રથમ ભાગ)માં 'ચામરાલી' તથા '૬૪ ચામર'નો પ્રાતિહાર્યો અંતર્ગત સ્પષ્ટ ઉલ્લેખ થયો છે. જુઓ સં૦ પન્નાલાલ જૈન, ભારતીય જ્ઞાનપીઠ મૂર્તિદેવી જૈન ગ્રન્થમાલા, સંસ્કૃત ગ્રન્થાંક ૮ (પ્રથમ ભાગ), દ્વિતીય સંસ્કરણ, કાશી ૧૯૬૩, ૨૩/૨૪–૭૩, પૃ૦ ૫૪૨–૫૪૯ પર અપાયેલું વર્ણન.

૨૦. જુઓ **કલ્યાણમંદિરસ્તોત્ર**નું નીચેનું પદ્ય :

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतन्तो
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥२२॥

૨૧. નોંધનીય એટલા માટે છે કે, શ્વેતામ્બર પરંપરામાં ચામરોના સમૂહની વાત જ પ્રાતિહાર્ય વિષય પરના પ્રમાણભૂત જૂના સાહિત્યમાં મળતી નથી.

૨૨. જુઓ અહીં પ્રકાશિત કૃતિ, પદ્ય ૨.

૨૩. જુઓ ૨ ૨. P. N. Dave, *Kumudachandra, Summaries of papers,* 21st session, All India Oriental Conference, Srinagar 1961, pp. 104-105, as in corporated in Upadhyaya, 3. Studies, in Siddhasena's, p. 34. Therein it is thus recorded." The second vs. of C'. Dvr. Contains the word *hevāka* of Persian or Arabic origin, not current till 11th Century A.D."

૨૪. શૈલી ૧૨મા શતકના પૂર્વાર્ધની છે. અને કેમ કે આ સ્તોત્રનો પ્રચાર ગુજરાતમાં થઈ શક્યો છે તે કારણે પણ તે આ જ કુમુદચન્દ્ર હોવા જોઈએ. (અમને સ્મરણ છે કે, પં૦ જુગલકિશોર મુખ્તારે પણ **કલ્યાણમંદિર સ્તોત્ર**ના રચયિતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત કુમુદચન્દ્ર હોવાનો તર્ક ક્યાંક પ્રકાશિત કર્યો છે.)

૨૫. ભદ્રેશ્વરની **કહાવલિ** (ઈસ્વી ૯૫૦-૧૦૦૦)થી લઈ, આમ્રદેવસૂરિ (ઈસ્વી ૧૧૩૩) આદિ સૌ મધ્યકાલીન શ્વેતામ્બર કર્ત્તાઓ સિદ્ધસેનની કૃતિઓ સંબંધમાં **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા**ની જ વાત કરે છે; તેમાંના કોઈએ ૪૪ પદ્યવાળા **કલ્યાણમંદિરસ્તોત્ર**નો તેમની કૃતિ હોવા સંબંધમાં જરા સરખો પણ નિર્દેશ દીધો નથી.

૨૬. સ્તોત્રમાં પ્રયોગમાં લેવાયેલ ઉપમાઓ આદિ અનેકવિધ અલંકારાદિ વિષે અન્ય વિદ્વાન્ ચર્ચા કરનાર હોઈ અહીં તે સંબંધમાં ચર્ચા છોડી દીધી છે.

૨૭. એજન.

૨૮. સ્તોત્ર જોતાં જ દેખાઈ આવે છે કે તે વિદ્વદ્‌ભોગ્ય, અમુકાંશે ક્લિષ્ટ કૃતિ છે, કંઠસ્થ કરવા માટે નથી.

૨૯. મૂલપ્રતની નકલ પરથી સ્તોત્રનું સંશોધન પં૦ મૃગેન્દ્રનાથ ઝા, શ્રી અમૃત પટેલ, અને પં૦ રમેશભાઈ હડિયાએ કર્યું છે, જે બદલ સંપાદકો એ ત્રણે વિદ્વાનોના આભારી છે. થોડાં વર્ષ અગાઉ ડા૦ પિનાકિન ત્રિવેદીએ દ્વિતીય સંપાદકને આ સ્તોત્રની પ્રત ભારતીય વિદ્યાભવન, મુંબઈમાં હોવાનું જણાવેલું, જ્યાંથી તે સંપાદનાર્થે પછીથી પ્રાપ્ત કરવામાં આવેલી. સંપાદકો ડા૦ દવેના આભારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्री कुमुदचन्द्राचार्य कृताः
# श्री आदिनाथ स्तुति अपरनामा
# श्री चिकुरद्वात्रिंशिका

(शिखरणी छन्द)

मुदेवस्तादेवस्त्रिदिवयुवतीमौलिवलभी-
विटङ्कप्रक्रीडन्मुकुटपटलीलालितपदः ।
स चिंतामाणिक्यामरसुरभिकल्पावनिरुहां-
सनाभिर्नाभेयस्त्रिभुवनवनीजीवनघनः ।।१।।

गलद्गर्वग्रन्थिः प्रथमजिननाथस्तुतिपथे-
न पांथीभूयन्ते धिषणधिषणाऽपि प्रथयति ।
ममायं विस्फायत्तरणि किरणश्रेणिसरणे-
तदेवं हेवाको वियतिनियतं वल्गनमयः ।।२।।

स्फुरत्बाल्यावस्थासुलभविभवाचापल-कला-
विलास-व्यासंग-व्यसनरसतः किं नु नटितः ।
इमां बालां बुद्धिं तव नव नवक्रीडनलवै
स्तदिक्ष्वाकुश्रीणां रमण ! रमयिष्यामि किमपि ।।३।।

उदश्वत्पौलोमी हृदयदयित-प्रार्थन-कथा-
प्रथाबीजं स्कन्धद्वयसुचरितश्रीपरिणते ।
त्रिलोकीनेत्राणाममृतमयसिद्धाञ्जनमियं-
कवीनां सन्नीवीवरदकबरी ते विजयते ।।४।।

त्वदीयाङ्गे रङ्गत्कनककणिकाकान्ति-कपिशे-
जगद्बन्धोस्कन्धद्वयशिखरभित्तौकचलता ।
युगादौ सद्धर्मप्रथनभवने दोषहृतये-
दधौ नीलीनीलाञ्जनमयनवस्थासककलाम् ।।५।।

बभौ नाभिक्षोणीधवभव ! भवत्केशकुरली-
निलीना पीनांसस्थलफलकयोः कज्जलकला ।
गृहीतेवोन्मादयन्मदमदनसंरंभकदना-
भुजाभ्यां मायूरीस्फुटमुपरितश्छत्रयुगली ।।६।।

अहं मन्ये धन्ये नहि महिमभूयिष्ठ ! भवता-
भवांभोधिर्भीमोप्युभयभुजहेलाभिरभितः ।
ललङ्गे दुर्लङ्घो लघु लसति केशावलिनिभा-
न्निरेना येनांसे सलिलशबला शैवललता ।।७।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ध्रुवं सा श्रीर्देवीवरदमरुदेवा भवभवन्-
मुखाम्भोजक्रीडाकनकवलयौ खेलति मुदा ।
सदोपास्ते पार्श्वे हरिरिह रिरंसा लसद्द्मा(दिमा)
कचव्याजाद्येनोज्ज्वलतमतमालद्युतिततिः ॥८॥

विभो श्रुत्वा गङ्गां घनतरतरङ्गाम्बुतरलां-
त्रिलोकीजङ्घालां किल निपतनाद्भैरव भुवि ।
ध्रुवं साम्ये काम्ये त्वयि जयिनि तीर्थे कचलता-
छलान्मौलेः शृङ्गाल्लसति पतयालू रविसुता ॥९॥

त्रिलोकीतिग्मांशो ! मिलदमललावण्यलहरी-
परीतं स्फीतं श्रीमुखसरसिजं ते विजयते ।
सदोपान्ते कान्ता चिकुरकुरलीनीलनलिनी-
विनीलालीना यद्भ्रमरतरुणीधोरणिरियम् ॥१०॥

जगद्दृश्वन्निश्वान्यवतु भवतः काञ्चनरुचौ-
कपोले लोलन्ती ललितवलिता कुन्तललता ।
तपोलक्ष्मीलीलापरिणयमहापर्वणि कृता-
विचित्रापत्रालीं मृगमदमयीवाग(घ)दमनः ॥११॥

तदा सत्यं सत्त्वाच्छकटमुखभाजा स्मितमुख ! ।
त्वया दध्रेऽनद्धानणुगुणमहासंयमभरः ।
यतः स्कन्धाबन्धे चिहुरनिवहश्रीपरिणते-
किणाः श्रेणीभूताः वृषभ ! विजयन्ते जिनपते ! ॥१२॥

अहं जाने हेलाहतवृजिननीरञ्जनजिन ! ।
प्रदीपस्तेस्वान्ते ज्वलति विमलः केवलमयः ।
समन्ताद्येनायं श्रवणविवरान्निर्गत हि तेंऽ-
जनस्तोमः सोमानन ! घनविनीलो विलसति ॥१३॥

ध्रुवं देवोदध्रे विष(य)मयजंबालकलिलात्-
त्रिलोकी कारुण्यात्कलिकलुषकूलंकषमुखम् ।
वृषस्कन्धोत्तंसप्रवरकबरीमञ्जरिमिषा-
द्विलग्ना येनेयं भुजशिखरयोः पङ्ककणिका ॥१४॥

अमन्दम्भिन्दाने भृशतमम विद्यांधतमसं-
शुचिब्रह्मज्योतिर्बत नियतमन्तःस्फुरति ते ।
शिरोजालीव्याजाद्यदमुकुलनीलोत्पलदल-
प्रभाचौरी चञ्चत्युपरि परितो धूमलतिका ॥१५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वयंबोधो बोधामृतरसभृतः पूर्णकलश-
त्रिलोकीमाङ्गल्यस्त्वमसि कपिशः काञ्चनरुचा ।
कृतोत्कण्ठे कण्ठे लुठति यदियं कुन्तलमयी
लसद्लक्ष्मी लीलालयकुवलयस्मेरवलयी ।।१६।।

अविद्यामूर्च्छाल-त्रिभुवनजनोज्जीवन ! जिन !
स्फुरच्छुक्लध्यानामृतलहरिपूर्णं ध्रुवमसि ।
अखण्डं त्वं कुण्डं यदमलमिलत्कुन्तलमिषा-
दुपान्तं नोमुञ्चत्युरगनिकरा यामिकवराः ।।१७।।

प्रभाभिर्दिक्कुक्षिंभरिभिरुदयी कल्मषमुषो-
मुखेन्दुर्नैधात् ते त्रिभुवनसुधापारणमहः ।
कुहूः सूचीभेद्यांधतमसमयी संगमसुखा-
न्यवाप्तुं तत्पूर्वं यमिव समुपास्ते कचमिषात् ।।१८।।

अतर्क्यान्तस्तत्त्वोनमदसुमतां वाङ्मनसयोः-
समन्तादस्ताधः समरसमहानीरधिरसि ।
वितेने तेनेयं ननु चिकुरवल्ली विकसता-
तताभीसुवेलावनघनतमालावनिरुहः ।।१९।।

त्रिलोकीमाध्यस्थं दधदधिकमाकालमचलः-
सुमेरुस्त्वं स्वामिन्विकचरुचिकल्याणरुचिरः ।
भुजाशृङ्गोत्संङ्गे चिकुरनिभतो नन्दनवनी-
विनीला यद्दत्ते हृदि मुदमुदग्रां सुमनसाम् ।।२०।।

कषोत्तीर्णस्वर्णत्विषि वपुषि सैषा सुखयुता-
ज्जगन्ति प्रेङ्खन्ती तव चिकुरलेखा जिनवृष ! ।
गिरेः शृङ्गेत्तुङ्गे बहुलविलसत्गैरिकरसे-
शयालुर्नीरंध्रा नवमुदिरमालेव मधुरा ।।२१।।

जगच्चेतर्नेता हरिहरिहरित्क्लेशकणिका-
भवत्कंठक्रोडान्तिकविसृमराः किं पुनरमी ।
परीरंभारंभाद्भुतरभसन्मुक्तितरुणी-
भुजामालोद्वेल्लन्मणिगणरणत्कङ्कणकिणाः ।।२२।।

ध्रुवं कर्मक्लेशावलिनिखिलदन्ताव(व)लबल-
च्छिदाऽलंकर्मीणस्त्वमसि जिनगन्धेभकलभ ! ।
कपोलान्ते लोलाविरलविगलद्दानसलिल-
छटाच्छायां धत्ते भ्रमरहरिणी येन कबरी ।।२३।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुमुक्षोस्ते दीक्षोपगमसमये कुंतलतति-
लुंलन्तीयं कार्तस्वरमयभुजस्तम्भशिरसि ।
प्रवेशे तत्कालं प्रसृमर मनःपर्यवविदो-
मुदामाङ्गल्यस्रग्दलवलयलीलां कलयति ।।२४।।

मुमुक्षो निक्षिप्य स्वतनुकनकं दुस्तपतपो-
ऽनले ज्वालाश्रयिणि नियतं शोधितमिदम् ।
तवांसे येनेश ! स्फुटति कबरीवल्लरिनिभा-
द्विभात्युच्चैरेषा गलितमलकालुष्यपटली ।।२५।।

उदञ्चद्ब्रह्मद्माःसदनवलभीं केवलविदो-
ऽधिरोढुं बिभ्राणा हरितमणिनिश्रेणिकरणिम् ।
त्रिलोकं सल्लोकंप्रि(पृ)णंमसृणकेशांकुरवनी-
पुनीतां शीतांशुद्युतिविततिसर्वंकषमुखाः ।।२६।।

हतक्लेशाः केशाः कुलकरकुलीनांऽसलुलिता-
स्तवोन्मीलन्नीलांबुरुहसुभगं भावुकविभाः ।
दधुर्नीलोत्फुल्लद्वदनकमलार्हन्त्यकमला-
विलासार्थं दोलायुगललतिका-रज्जुतुलनाम् ।।२७।।

जगद्द्रोहो मोहः स खलु विषमेषुः खलतमो
महायोधः क्रोधः समितिसममेते बत जिता ।
तथाप्यावां नाथः कथमपि दृशा नेक्षत इति-
त्वदीयांसौ कार्ष्ण्यं विमद ! दधतु स्तौ कचमिषात् ।।२८।।

त्रिलोकीकल्पद्रो ! किल युगलधर्मव्यतिगमे-
धराकल्पाः कल्पावनिजनिवहा वैभवजिताः ।
त्वया तत्कालं ये समदमुदमूल्यन्त विकटा-
जटाजाली तेषां परिणमति केशावलि तदा ।।२९।।

मुमुक्षूणां तादृक् शमरसकृते ध्यानविवरम्-
विविक्षूणां क्षीणांतरतमतमः पुस्तकमसि ।
महार्थंकल्पस्य ध्रुवमय विकल्पस्य यदिमा-
जिनेन्दो ! दीप्यन्ते किमपि लिपयः केशकपटात् ।।३०।।

तवाबन्धस्कन्धस्थलविलुलिता लुम्पतु सता-
मतान्तं लिम्पन्ती भृशममृतपङ्कैरिव दृशः ।
युगादिश्रीतीर्थंकर चिकुरलेखा नवयवां-
कुराली कर्णान्ते नियतमवतंसाय रचिता ।।३१।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति श्रीनाभेयस्तवलवमिदं यस्तवनवं-
सुधासध्रीचीभिर्विमलगिरिशृङ्गारमुकुट ! ।
ब्रुवाणो वाणीभिस्त्वयि लयमयीमंचति कलां-
स एव श्रीदेवो जनकुमुदचन्द्रः कविरविः ।।३२।।

इतिश्री चिकुरद्वात्रिंशिका पूर्णा ।